બ્રહ્મચર્ય સમ્રાટ, સિદ્ધાંત મહોદધિ, આચાર્યદેવેશ
શ્રી વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના
**સ્વર્ગારોહણ અર્ધશતાબ્દી** વર્ષ

---

સકલ સંઘહિતચિંતક, વર્ધમાન તપોનિધિ, આચાર્યદેવેશ
શ્રી વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાના
**સ્વર્ગારોહણ રજત જયંતિ** વર્ષ

---

પ્રચંડ પુણ્યના સ્વામી, માતૃહૃદય ધારક, સિદ્ધાંત દિવાકર,
સુવિશાલ ગચ્છાધિપતિ, ગુરુમાતા આચાર્યદેવ
શ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજાના
**ગચ્છાધિપતિ પદારોહણ રજત** વર્ષ

---

સંઘ-શાસન કૌશલ્યાધાર, ભવોદધિતારક, તર્કસમ્રાટ
પરમ ગુરુદેવ, આચાર્યદેવ
શ્રી વિજય **જયસુંદરસૂરીશ્વરજી** મહારાજાના
**સંયમ સુવર્ણ વર્ષ**ના પાવન અવસરે...



# સમર્પણની
# સ..રે..ગ..મ..



॥ ॐ ऐं नमः ॥

# સમર્પણમ્

સાક્ષાત્ પ્રભુ મને ના મળ્યા, તેનો જરી અફસોસ ના,
ગુરુ તુ મળ્યો તો પ્રભુ મળ્યા, અંતર મહીં પરિતોષ આ;
ગુણરત્નો આપો શિષ્યને, હૈયે કરો પદાર્પણમ્,
ઉપકારી ગુરુવર ચરણમાં, સર્વસ્વ મારુ સમર્પણમ્ 1

હૃદયમાં શાસન વસે ને, બુધ્ધિમાં તર્કો ઘણા,
મુખમહીં શાસ્ત્રો વસે ને, આત્મમાં નિઃસ્પૃહના;
મહાવ્રત તણા પાલન મહીં, તુજ જીવન નિર્મલ દર્પણમ્,
ઉપકારી ગુરુવર ચરણમાં, સર્વસ્વ મારુ સમર્પણમ્ 2

ભટકેલ ભવવને પથિકને, સન્માર્ગદાતા આપ છો,
સ્વામી સખા ગુરુ આપ છો, અમ બાળના મા–બાપ છો;
પુણ્યોદયે આ ભવ મળ્યા, મળજો મને ભવાન્તરમ્,
ઉપકારી ગુરુવર ચરણમાં, સર્વસ્વ મારુ સમર્પણમ્ 3

તુજ મૌનમાં પણ બોધ છે, વૈરાગ્યરસનો ધોધ છે,
અતિચારો પર તને ક્રોધ છે, સુખશીલતાનો વિરોધ છે;
અજોડ આપ ગુરુ મળ્યા, હર્ષે કરે મન નર્તનમ્,
ઉપકારી ગુરુવર ચરણમાં, સર્વસ્વ મારુ સમર્પણમ્ 4

સંસારથી તમે ઉધ્ધર્યો, સંસ્કાર આપી તમે ઘડ્યો,
અવિનય કર્યો મેં આપનો, તો'યે મનમાં નવિ ધર્યો;
ઉપકાર તારા કેમ ભુલુ, નિત કરુ ગુણ કીર્તનમ્,
ઉપકારી ગુરુવર ચરણમાં, સર્વસ્વ મારુ સમર્પણમ્ 5

અવિનિત ને ઉધ્ધત ભલે, તુજ આજ્ઞાથી વિપરિત ભલે,
મોહરાયના વશમાં ભલે, વિષયો મહીં પરવશ ભલે;
પણ શિશ પર ફરતો રહો, આશિષભર કર સ્પર્શનમ્,
ઉપકારી ગુરુવર ચરણમાં, સર્વસ્વ મારુ સમર્પણમ્ 6

ભુલો કરુ છુ હું ઘણી, કરતો રહીશ ભૂલો ઘણી,
સુધારજે ગુરુમાં! મને, દોષોની ફોજને અવગણી;
વાત્સલ્ય તારુ પામવા, તુજ ગોદનું આકર્ષણમ્,
ઉપકારી ગુરુવર ચરણમાં, સર્વસ્વ મારુ સમર્પણમ્ 7

અજ્ઞાનના અંધકારને, મિટાવવા સૂરજ તમે,
દોષ દુશ્મનોને કાઢવા, સૈનિકતણી ફરજ તમે;
માળી બનો મુજ જીવનના, વિરાગનું કરો વર્ધનમ્,
ઉપકારી ગુરુવર ચરણમાં, સર્વસ્વ મારુ સમર્પણમ્ 8

અરિહંતને ઓળખાવનારા, હે ગુરુ! વંદન તને,
જિનધર્મને સમજાવનારા, હે ગુરુ! નમન તને;
અનંત છે ઉપકાર તારા, શેના કરુ હું વર્ણનમ્,
ઉપકારી ગુરુવર ચરણમાં, સર્વસ્વ મારુ સમર્પણમ્ 9

જો આવો હૃદય સિંહાસનમ્ તો, થાયે કર્મો વિસર્જનમ્,
જો આંજો નયનમાં અંજનમ્, તો થાયે શુભનું દર્શનમ્;
ભાવો જે ઉમટ્યા આત્મમાં, તુજને કર્યા સર્વાર્પણમ્,
ઉપકારી ગુરુવર ચરણમાં, સર્વસ્વ મારુ સમર્પણમ્ 10

પ્રેમ તારો ત્રણ ભુવનમાં, ભાનુ જેમ પ્રભાતનો,
જગાડે ભીતરથી મને, ભગાડે દોષ પ્રમાદનો;
બ્રહ્માંડમાં જયઘોષ તારો, ગુંજે છે જયસુંદરમ્,
ઉપકારી ગુરુવર ચરણમાં, સર્વસ્વ મારુ સમર્પણમ્ 11

**રચયિતા**

**પૂજ્ય મુનિરાજ શ્રી ધનંજયવિજયજી મ.સા.**

**શુભ નિમિત્ત**

પૂજ્ય મુનિરાજ શ્રી યુગંધરવિજયજી મ.સા.
પૂજ્ય મુનિરાજ શ્રી શત્રુંજયવિજયજી મ.સા.
પૂજ્ય મુનિરાજ શ્રી ધનંજયવિજયજી મ.સા.
પૂજ્ય સાધ્વી શ્રી રાજયશાશ્રીજી મ.સા.ની
ભવનિસ્તારીણી દીક્ષાના ૧૮માં વર્ષમાં પ્રવેશ પ્રસંગે

## ...ગુરુ ચરણે સર્વસ્વ સમર્પણમ્...

**પ્રકાશન**

રત્નકુક્ષી માતા ઊર્મિલાબેન, પુણ્યશાળી પિતા સુરેશભાઈની
સુપુત્રીઓ મુમુક્ષુ પૂજા તથા મુમુક્ષુ મોક્ષુની
પ્રવજ્યા અંગીકાર સુઅવસર-અઠવાલાઈન્સ, સુરત.

*To listen to this Stuti on YouTube log on to*
www.youtube.com/c/jinshasanam
*Singers: Jainam Variya & Harshit Shah*

SAMKIT CREATION
09913379137